# સ્વ ઘોષણા (Self-Declaration)

આથી હું નીચે સહી કરનાર (પુંરુ નામ) ................................................ રહેવાસી.................................. જિ................ ઉંમર............. વર્ષ ધંધો...................... આજે તારીખ.................................... ના રોજ મારા ધર્મના સોગંધ લઇ પ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરૂ છું કે અમો ગુજરાત સરકારશ્રીની ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ અમારી માલીકીના ખુલ્લા પ્લોટમાં/કાચા મકાનની જગ્યાએ તે પાડીને પાકુ મકાન બનાવવા સહાય મેળવવા માટે નીચે મુજબનું જાહેર કરું છું,

(૧) અમો કે અમારા કુટુંબના કોઇ પણ સભ્યએ આ અગાઉ ડૉ.આંબેડકર આવાસ યોજના, સરદાર આવાસ યોજના, ઇન્દિરા આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના કે અન્ય કોઇ પણ પ્રકારની સરકારની યોજના હેઠળ મકાન બાંધકામ માટે સરકારશ્રીમાંથી કોઇ પણ પ્રકારની આર્થિક સહાય મેળવેલ નથી.

(૨) હાલમાં મારા કે અમારા કુટુંબના કોઇ પણ સભ્યના નામે અમારા ગામમાં કે અન્ય કોઇ પણ જગ્યાએ વસવાટ કરવા લાયક પાકુ મકાન અમો ધરાવતા નથી કે ભવિષ્યમાં પણ અમારા વાલી-વારસો તરફથી અમોને કે અમારા કુટુંબના કોઇ પણ સભ્યને વસવાટ કરવા લાયક પાકું મકાન છે તે વાત કોઇ પણ સમયે કચેરીના ધ્યાને આવશે તો અમોને મળેલ બધી રકમ સરકારશ્રીમાં પરત કરવા અમો બાંહેધરી આપીએ છીએ.

(૩) હું પોતે કે મારા કુટુંબના કોઇ પણ સભ્ય હાલમાં સરકારી નોકરી કરતા નથી. જેની અમે બાંહેધરી આપીએ છીએ.

(૪) સરકારશ્રીની આ યોજના હેઠળ સહાય મંજુર કરવામાં આવશે તો સરકારશ્રીના નીતિ-નિયમો મુજબ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવેલ પરવાનગીવાળી જગ્યાએ જ નિયત ચતુર્સીમાં પ્રમાણે પાયા લેવલથી જ સિમેન્ટ, રેતી અને ઇંટથી મકાન બાંધકામ કરીશું. અભેરાઇ (લીન્ટલ) લેવલે મકાનનું કામ આવ્યે નિયત થયેલ ફોર્મ, ફોટો કચેરીને આપી બીજો હપ્તો મેળવવા માટે જાણ કરીશું. મકાનનું બાંધકામ પૂર્ણ થતા શૌચાલયના બાંધકામ સહિતનો ફોટો કચેરીમાં રજુ કરીશું. જુના મકાનનું રીપેરીંગ કામ કોઇ પણ સંજોગોમાં કરીશું નહીં. ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૭,૦૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુનું મકાન પૂર્ણ કરવા માટે ખર્ચ કરીશું નહીં. જેની અમે બાંહેધરી આપીએ છીએ.

(૫) મકાન બાંધકામનું સંપૂર્ણ કામ પ્રથમ હપ્તાની ચૂકવણી થયેથી ૨(બે) વર્ષની અંદર પૂરૂ કરી દઇશ. જો તેમ નહિ કરૂં તો સહાય રૂપે મળેલ તમામ રકમ સરકારશ્રીમાં પરત જમા કરવા બંધાયેલ છું.

(૬) મારા કુટુંબના તમામ સભ્યોની મળીને આવક શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૧,૨૦,૦૦૦/- થી વધુ થતી નથી. જેની અમો ખાત્રી આપીએ છીએ.

(૭) અમારી જાતિનો અનુસૂચિત જાતિમાં સમાવેશ થાય છે.

(૮) આ સહાયમાંથી મકાન બનાવી તેનો ઉપયોગ અમારા કુટુંબના રહેવા માટે કરીશું આ મકાન અમે ભાડે નહિં આપીએ કે ભવિષ્યમાં વેચીશું નહિ.

(૯) મકાન પૂર્ણ થયે અમે મકાનના આગળના ભાગે નિયત નમુનાની તકતી લગાવીશુ.

મારા દ્વારા આપવામાં આવેલ માહિતી અને અરજી અનુસંધાને જોડેલ દસ્તાવેજ મારી જાણ અને માન્યતા મુજબ સાચા છે અને તેમાં કોઈ બાબત છુપાયેલ નથી. હું એ જાણું છું કે, ખોટી માહિતી કે દસ્તાવેજ રજુ કરવા એ કાયદા હેઠળ શિક્ષાએ પાત્ર છે અને આવા સંજોગોમાં ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજના આધારે મને મળેલ લાભ રદ થવા પાત્ર છે.

સ્થળ :

તારીખ :

સહી....................................

પુરું નામ.........................................................

આધાર કાર્ડ/ઓળખના પુરાવાનો નંબર...............

**_અરજદારને મકાન સહાય મંજુર કરવા માટે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી/ સીટી-તલાટી-કમ-મંત્રી/ સર્કલ ઈન્સ્પેક્ટરે આપવાનું પ્રમાણપત્ર_**

**_(ફક્ત કચેરીના ઉપયોગ સારૂ)_**

---

(૧) આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી.........................................................................
મુ.....................તા................. જિ............... એ તથા કુટુંબના અન્ય સભ્યએ છેલ્લા ૨૦ વર્ષમાં આ વિભાગ કે અન્ય કોઇ વિભાગ હસ્તકની કોઈપણ સરકાર કે સરકાર માન્ય આવાસ યોજના હેઠળ સહાય મેળવેલ નથી.

(૨) અરજદાર પોતે કે પોતાના કુટુંબના અન્ય સભ્યના નામે ગામમાં અન્ય જગ્યાએ કાચું/પાકું મકાન/રહેવાલાયક મકાન ધરાવતા નથી.

(૩) અરજદાર ગામમાં ................. વર્ષથી વસવાટ કરે છે.

(૪) અરજદાર જે ખુલ્લા પ્લોટમાં/કાચા મકાન/જર્જરીત/કાચુ ગાર માટીનું રહેવાલાયક ન હોય તેવું મકાન પર નવું આવાસ બાંધવા માંગે છે તે ગ્રામપંચાયતના ચોપડે નોંધાયેલ છે. જેનો આકારણી નંબર................ છે. તે કોઇ દબાણ કે નડતરરૂપ થાય તે રીતે આવેલ નથી.

(૫) અરજદાર જે જગ્યા પર આવાસ બાંધવા માંગે છે તેનો ચતુર્દિશાનો નક્શો નીચે મુજબ છે.

_<u>નક્શો અહિ રજુ કરવો</u>_




તારીખ : ……………………. સહી/સિક્કો

સ્થળ : ..................... તલાટી કમ મંત્રી